
# ‘ખ’ અને ‘ગ’ માર્ગ પર તૂટેલા ગટરના ઢાંકણો મોતના કૂવા સમાન

## માર્ગ વચાળે ગાબડા અસ્તિત્વમાં આવતા રોજબરોજ નાના-મોટા અકસ્માત થાય છે







ગાંધીનગર, તા. ૧૮

નગરના ‘ગ’ અને ‘ખ’ માર્ગ પર તૂટેલા ગટરના ઢાંકણોના લીધે ડગલે ને પગલે મોતના કૂવા મંડરાયા છે. માર્ગ વચાળે તૂટેલા ઢાંકણના લીધે રોજબરોજ રાહદારીઓ નાના-મોટા અકસ્માતોના ભોગ બની રહ્યા છે. આ ભયજનક સ્થિતિ સંદર્ભે તંત્ર દ્વારા પણ કોઈ અસરકારક પગલા ન લેવાતા ટ્રાફિકથી ધસમસતા માર્ગો પર સલામતી જોખમાઈ છે. સિમેન્ટ ક્રોંકીટના ઢાંકણો તુટી જતા માર્ગ વચાળે જ ભયજનક ગાબડાઓ અસ્તિત્વમાં આવ્યા છે.

શહેરના માર્ગો પર માર્ગ સલામતીના નામે આમ પણ મીંડુ ચિતરાયેલું છે. ત્યારે માર્ગ વચાળે ગટરના ઢાંકળો તુટતા ડગલે ને પગલે જોખમી સ્થિતિનું નિર્માણ થયું છે. નગરના ગ અને ખ માર્ગ પર આ જોખમી સ્થિતિના લીધે રસ્તે જતા રાહદારીઓએ અનેકવાર હોસ્પિટલના બિછાને જવાનો વારો આવ્યો છે. ગ અને ખ-માર્ગ પર તંત્ર દ્વારા માર્ગ વચાળે લગાવાયેલા સિમેન્ટ-ક્રોક્રીંટના ગટરના ઢાંકણો તુટી જતા ડગલે ને પગલે મોતના કૂવા મંડરાયા હોય તેવી ભયજનક સ્થિતિ સર્જાઈ છે. અગાઉ પણ આ મામલે સ્થાનિક રહીશોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો હતો. એકબાજુ તંત્ર દ્વારા આ સ્થિતિને ડામવા અગાઉ નવા ઢાંકણોની ખરીદી કરી સબ સલામત હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.જ્યારે હાલની સ્થિતિએ તકલાદી ઢાંકણો તુટેલી હાલતમાં હોવાથી રોજબરોજ દ્વીચક્રી વાહનચાલકો અકસ્માતનો ભોગ બનતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. માર્ગ વચાળે સ્થિત આ ઢાંકણો પૈકી અડધાથી વધુ તૂટેલી હાલતમાં હોવાથી વાહનચાલકો માટે ગ અને ખ માર્ગ જોખમી હોવાનુ ચિત્ર ઉપસી આવ્યું છે. આવા સંજોગોમાં કોઈ જાનલેવા અકસ્માત સર્જાય તે પહેલા તંત્રની આંખ ઉઘડે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. સમયાંતરે ઉદ્‌ભવતી આ સમસ્યાને કાયમી રીતે ડામવા નક્કર પગલા લેવા સ્થાનિક અગ્રણીઓએ ઉગ્ર રજૂઆત કરી છે.

## ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજનો ઈનામોત્સવ યોજાશે

ગુજરાત વિધાનસભા સચિવાલય પેન્શનર્સ સમાજનો આઠમો ઈનામોત્સવ ૨૦૧૨ તથા ૧ ઓગષ્ટ ૨૦૧૨ સુધીમાં ૬૫ વર્ષ પૂરા કર્યા હોય તેઓનું બહુમાન કરવાનો કાર્યક્રમ ૯મી સપ્ટેમ્બર૧૨ને રવિવારે બપોરે ૩ કલાકે બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલ, ફાર્મસી કોલેજ, કડી કેમ્પસ, સે-૨૩, ગેટ નં.૧ મુકામે યોજાશે. ઈનામોત્સવ અને વયસ્કોના બહુમાનના કાર્યક્રમ સાથે બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. વિદ્યાર્થીએ ૨૦મી ઓગષ્ટ સુધીમાં પોતાના અભ્યાસ અંગેની માર્કશીટ ફોર્મ સાથે સહમંત્રી એમ.સી. શાહને સેકટર-૨૭ ખાતે મોકલી આપવી તથા સિનિયર સિટીઝને બે ફોટા વિગતો સાથે મંત્રી બી.ડી. શાહને મોકલી આપવા આ પ્રસંગે સુરૂચિ ભોજન સમારંભ પણ યોજાશે.

# ડાર્ક ફીલ્મ દૂર કરવાની ઝૂંબેશ અન્વયે ૧૦ હજારનો દંડ વસૂલાયો

## ટ્રાફીક પોલીસે ૫૦૦ વાહનોમાંથી ડાર્ક ફીલ્મ દૂર કરાવી

ગાંધીનગર, તા.૧૯

કારમાં લગાવેલી ડાર્ક ફીલ્મ દૂર કરવા જિલ્લા ટ્રાફિક પોલીસ તંત્ર દ્વારા ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. છેલ્લા એક સપ્તાહ દરમિયાન ટ્રાફીક પોલીસ દ્વારા માર્ગ પર દોડતી ૫૦૦થી વધુ કારમાંથી ડાર્ક ફીલ્મ દૂર કરી રૂ. ૧૦ હજારનો દંડ વસૂલવામાં આવ્યો છે.

રાજ્ય પોલીસ વડાના આદેશ મુજબ સમગ્ર રાજયમાં કારમાં લગાવોલી ડાર્ક ફીલ્મ દૂર કરવા ટ્રાફીક તંત્ર કામે લાગ્યું છે. રાજયના વિવિધ જિલ્લામાં ડાર્ક ફીલ્મ દૂર કરવાના અભિયાન અન્વયે ટ્રાફીક પોલીસ દ્વારા ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન કારના કાચ પર લગાવલી ડાર્ક ફીલ્મના લીધે કારચાલકો પાસેથી દંડવસૂલી કરવા પોલીસ તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. રાજયના પાટનગરમાં પણ ડાર્ક ફીલ્મ દૂર કરવા જિલ્લા ટ્રાફી પોલીસ તંત્ર દ્વારા ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝૂંબેશ દરમિયાન જિલ્લા ટ્રાફીક તંત્ર દ્વારા ૫૦૦થી વધુ વાહનોમાં લગાવાયેલી ડાર્ક ફીલ્મ દૂર કરવામાં આવી છે. જયારે નિયમના ભંગ બદલ કારચાલકો પાસેથી રૂ. ૧૦ હજારનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરી વિસ્તારમાં માર્ગ સલામતીને સ્પર્શતા અન્ય પરિબળોને ધ્યાને લઈને પણ ટ્રાફીક નિયમન અસરકારક બનાવવા નક્કર આયોજન કરવાની અનિવાર્યતા વર્તાઈ રહી છે.

છેલ્લા ૧૩ વર્ષથી સતત રજૂઆતો

# વરિષ્ઠ નાગરિકોના વણ ઉકલ્યા પ્રશ્નોથી વડીલો નારાજ

ગાંધીનગર, તા. ૧૯

ભારત દેશની ૧૧૩ કરોડની આબાદીમાં ૨૭ ટકા વરિષ્ઠ નાગરિકો નાની-મોટી શારીરિક, માનસિક અને ભૌતિક તથા સામાજિક વિટંબણાઓમાં સબડી રહ્યા છે. ભારત સરકાર દ્વારા વયસ્કજનો માટે રાષ્ટ્રીય નીતિ ઘડવામાં આવી છે. છતાં આજ દિન સુધી વડીલોના પ્રશ્નો તરફ ઉદાસિનતા સેવવામાં આવી રહી છે. વરિષ્ઠ નાગરિકોના વણ ઉકલ્યા પ્રશ્નો પ્રત્યેની ઉદાસિનતા સામે ૧૬મી ઓગષ્ટે રાષ્ટ્રીય વિરોધ દિન મનાવવામાં આવે છે. ગાંધીનગર વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટે રાષ્ટ્રીય વિરોધ દિને સરકારને આ બાબતે આવેદન પત્ર આપી પોતાની વણઉકલી સમસ્યાઓ રજૂ કરી હતી.

**વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટે સરકારને રાષ્ટ્રીય વિરોધ દિને આવેદનપત્ર સોંપ્યું**

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે વયસ્કજનો માટે વિવિધ સાંત્વનાઓ રજૂ કરવામાં આવે છે છતાં તેનો સજ્જડ અમલ આજ સુધી કરવામાં આવ્યો નથી. ૧૯૯૯થી સ્વીકારાયેલી વયસ્કજનોની રાષ્ટ્રીય નીતિનો ગુજરાત સહિત અનેક રાજ્યોમાં અસ્વિકાર કરવામાં આવ્યો છે અને તેમાંય ખામીયુક્ત અમલ થયો છે. એમડબલ્યુપી.એસ.સી. ૫૬ (૨૦૦૭) એ મા-બાપ અને વરિષ્ઠ નાગરિકોના ભરણ-પોષણનો કાયદો છે જેને પણ ગણ્યા ગાંઠ્યા રાજ્યોએ અમલ કર્યો છે. જેના લીધે મિલકત પડાવી લેવી, ત્રાસ આપવો, જાનમાલનું સમયસર રક્ષણ ન મળવું જેવા પ્રશ્નો દરબદર વધતા ગયા છે.

સરકારી અને ગ્રાન્ટેડ વૃદ્ધાશ્રમોમાં બિમારોની સારવાર થતી નથી તેથી સને ૨૦૧૦-૧૧નો નેશનલ પ્રોગ્રામ ઓફ હેલ્થ કેર ફોર એન્ડર્લીની જોગવાઈઓ - બજેટમાં હોવા છતાં, હજુ જીરીયાટ્રીક (વૃદ્ધોના ખાસ રોગો)ના ખાસ વોર્ડ ઓપીડી અને અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ અને પી.એચ.સી.ની કક્ષા સુધીની જીરીયાટ્રીક સેવાઓ માટેની તાલીમ અને સેવાઓ હજુ શરૂ થઈ નથી. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના માત્ર ૧૮ રાજ્યોએ સ્વીકારી છે. કેન્દ્રના ૨૦૦ રૂ. સાથે રાજ્યના ૨૦૦ રૂ. આપવામાં કેટલાક રાજ્યોએ વધારાની શરતો મૂકી છે. પેન્શનની આ રકમ હાસ્યાસ્પદ બની છે. વયસ્કો દ્વારા ૨૦૦૦ રૂ.ની માગણી થઈ છે પણ તે પેન્ડીંગમાં છે.

હયાત રોગો અને ગમે તે ઉંમરે મળે તેવી યોજના મળતી નથી. ગુજરાત આવો વિમો આપી શકવા સક્ષમ છે. દવાઓ મોંઘીદાટ છે. પણ આ બાબતે વૃદ્ધોને સબડવું પડે છે. નીચલા મધ્યમ વર્ગના વરિષ્ઠોની મહામૂલી મરણ મૂડી પર વ્યાજના દર ઘટ્યા છે, રાજ્ય પરિવહન સેવામાં કન્શેસન આપતાં નથી. કેન્દ્ર અને રાજ્યોના સામાજિક ન્યાય અને અધિકાર વિભાગો પાસે અનેક વંચિતો, વિકલાંગો, પીડિતો, વિધવાઓની મહત્તમ કામગીરી હોવાથી વરિષ્ઠો માટે જ જુદું ખાતુ નીમવા માગણી કરાઈ છે. પણ તે’ય પેન્ડીંગમાં છે. વરિષ્ઠો માટે નેશનલ કાઉન્સિલની જગ્યાએ નેશનલ કમિશનની માંગણી તથા સિનિયર સિટિઝન માટે વેલફેર ફંડ માટે ગાંધીનગરના વયસ્કોએ રાષ્ટ્રીય વિરોધ દિન નિમિત્તે પોતાનું આવેદન આપ્યું હતું.

# રેલવે સ્ટેશનના વિસ્તારમાં અંધારપટથી ભયનો માહોલ

ગાંધીનગર, તા. ૧૯

રલવે સ્ટેશન વિસ્તારમાં સ્થિત એક કીલોમીટરના નવીન માર્ગ પર લાંબા સમયના અંતે પણ સ્ટ્રીટલાઈટની સુવિધા ઉપલબ્ધ ન થતા સાંજ ઢળતા જ અંધારપટ છવાઈ જાય છે. સ્ટેશન તરફ જવાનો જૂનો માર્ગ બંધ કરાયા બાદ નવા રસ્તા પર સ્ટ્રીટલાઈટની સુવિધા ન થતા રાત્રીના સમયે આ વિસ્તારમાં અંધારપટના લીધે ભયનુ વાતાવરણ સર્જાય છે. મહાત્મા મંદિરની કામગીરીને અનુલક્ષી નજીકમાં સ્થિત લેબર કોલોનીના લીધે ગંદકી પણ ખદબદી રહી છે. જ્યારે ચોમાસાના વરસાદી દિવસો દરમિયાન આ વિસ્તારમાં ઝેરી જીવજંતુઓ ફરતા હોવાથી પણ મુસાફરોને ભય રહેતો હોવાનું ધ્યાને આવ્યું છે. રાત્રીના સ્ટેશન પર ટ્રેઈન આવતા સ્ટેશનના રૂટ પર છવાયેલા અંધારપટથી મુસાપરોને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે.

# ગીફ્ટ સીટીની આડોડાઈને લીધે પ્રજાને હાડમારી

ગાંધીનગર તાલુકાના રતનપુર ગામે ગીફ્ટ સીટીનું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે લેબર કોલોનીનું સંડાસ-ગટરનું પાણી તથા પ્લાન્ટના લીધે હવામાં ઉડતી રજકણો ગ્રામજનો માટે સમસ્યારૂપ બની છે. ગંદા પાણીના લીધે રતનપુર ગામના લીંબડીવાસ, ઠાકોરવાસ, દરબારવાસ વગેરે વિસ્તારોમાં ખૂબ જ દુર્ગંધ આવે છે. ગંદા પાણીના ઉપદ્રવથી મચ્છરોનો ત્રાસ પણ વધી ગયો છે. જેથી રતનપુરના ગ્રામજનો તોબા પોકારી ગયા છે અને ઘટતું કરવા રજૂઆત કરેલ છે.

રતનપુર, શાહપુર, ફીરોજપુર અને વલાદ ગામની સર્વે નંબર ૨૬૨ની ૫૦૦ એકર ગૌચરની જમીન સરકારે મફતના (પાણીના) ભાવે પડાવી લઈ તેના પર ગીફટસીટીનું નિર્માણ થઈ રહ્યું છે. આ ગીફટસીટીની લેબર કોલોનીનું સંડાસ ગટરનું પાણી તેમજ પ્લાન્ટના લીધે હવામાં ઉડતી રજકણોના કારણે હવામાં પ્રદુષણ વધી ગયું છે. તેના લીધે પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. સંડાસનું ગટરનું ગંદુ પાણી રતનપુરના વાંધાકોતરોમાં ઠાલવવામાં આવે છે. આ ગંદાપાણીના લીધે રતનપુર લીંમડીવાસ, ઠાકોરવાસ તેમજ ફજુવારુમાં આવેલા દરબારવાસમાં ઘણી ખરાબ દુર્ગંધ આવે છે. માથું ફાટી જાય એટલી ખરાબ વાસ આવે છે. આ કારણે ગામમાં મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. અને ગામમાં માંદગીના કેસો વધી ગયા છે. ગામમાં રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત છે. આ અંગે ગ્રામ પંચાયત દ્વારા આરોગ્ય સચિવ, ડીડીઓ, જિલ્લા પંચાયત તેમજ ગીફટસીટીમાં પણ વારંવાર રજુઆત કરેલ પરંતુ હજુ સુધી આ અંગે કોઈ કાર્યવાહી થઈ નથી. ગીફટસીટી દ્વારા પ્રજાને હાડમારી ભોગવવાની આવી છે. આ રજુઆતો સરકારના બહેરા કાને સંભળાતી નથી. આ મુદ્દે રતનપુર ગ્રામજનોને ના છૂટકે ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

# સેલફોન કંપનીઝ અને રિટેઇલર્સને ઘી-કેળાં એસએમએસના અભાવે યુવાવર્ગ પરેશાન

ગાંધીનગર, તા. ૧૯

‘મને તો જાણે દુનિયા અટકી ગઈ હોય એમ લાગે છે, હું જાણે મારા ફ્રેન્ડ સર્કલથી, મારા પરિચિતોથી સાવ વિખૂટી પડી ગઈ હોય એમ લાગે છે.’ આ શબ્દો છે રિદ્ધિના, જે ગાંધીનગરની યુવતિ છે અને હાલ જ શિક્ષણના વ્યવસાયમાં જોડાઈ છે.

પુરુષોત્તમ માસ નિમિત્તે પોતાના ઘરમાં વિષ્ણુપૂજાનું આયોજન કરીને બેઠેલી એક ગૃહિણી આ પૂજા માટે પોતાના સ્નેહીઓને એસએમએસ દ્વારા આમંત્રણ ન મોકલી શકી અને સૌને ફોન કરવામાં સમય ખૂટ્યો, બેલેન્સ ખૂટ્યું; એ કારણે બધા સ્નેહીઓને પૂજામાં ઉપસ્થિત ન રાખી શક્યાનો વસવસો વ્યક્ત કરે છે.

રાજ્યકક્ષાની રમત સ્પર્ધાનું આયોજન કરનાર એક જૂથ પણ એસએમએસના અભાવે રસિક ખેલપ્રેમીઓને પોતાના આંગણે આમંત્રી ન શક્યાનો અફસોસ વ્યક્ત કરી રહ્યું છે.

આવી જ લાગણી કંઈ કેટલાય લોકોની છે. કારણ?

આસામમાં હિંસાચારના ખોટા એસએમએસ અને એમએમએસ ફરતા થયા પછી અચાનક જ સરકાર હરકતમાં આવી ગઈ અને શનિવાર સવારથી એસએમએસ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. એક સીમકાર્ડ પરથી એક દિવસમાં મહત્તમ પાંચ જ એસએમએસ મોકલી શકાય છે. આમ તો સરકારના આ અગાઉના છેલ્લા સુધારા પ્રમાણે એક સીમકાર્ડ પરથી એક દિવસમાં મહત્તમ ૨૦૦ એસએમએસ મોકલી શકાતા હતા, પરંતુ હવે પાંચ જ. આ કારણે દરરોજ એસએમએસથી સંપર્કમાં રહેનારાઓ કે દિવસમાં ત્રણ વખત પરિચિતોને એસએમએસ મોકલતા ને પરિચિતો પાસેથી મેળવતા લોકોને જબ્બર આંચકો લાગ્યો છે. એમાંય યંગસ્ટર્સ તો જાણે સુના જ પડી ગયા છે. સતત મોબાઈલ પર ચોંટેલી એમની આંગળીઓ અને નજર હવે જાણે નિષ્ક્રિય બની ગઈ હોય એમ લાગી રહ્યું છે.

અલબત્ત, આનો ફાયદો મોબાઈલ કંપનીઝને અને રિટેઈલર્સને બહુ મળ્યો છે. લોકોને હવે સંદેશા વ્યવહાર માટે કૉલ કરવા પડે છે ને એટલે પોતાના એકાઉન્ટમાં બેલેન્સની પણ વધારે જરૂર પડે છે.

બીજી બાજુ, એસએમએસ પર રોક લગાવવા બાબતના ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે. દેશભક્ત વરિષ્ટ નાગરિકોના મતે ‘દેશને બાનમાં લેવો તે આનું નામ.’ પાંચ-પચીસ લોકો ખોટા એસએમએસ મોકલે એટલે આખા દેશના લોકોના એસએમએસ બંધ કરી દેવામાં આવે એનાથી મોટી કરૂણતા બીજી કઈ હોઈ શકે?

જોકે, એ સાથે જ એ પણ હકીકત છે કે આપણી આ પરિસ્થિતિ માટે આપણે ખુદ જવાબદાર છીએ. વાત સાચી છે કે ખોટી તે જાણ્યા-પરખ્યા વિના કોઈ માહિતી આપણી પાસે આવે એટલે એનો પ્રસાર કરવામાં આપણે કોઈ અજબનો આનંદ મેળવીએ છીએ. માસ મિડીયાનો જાણે આપણે ઈજારો લીધો હોય એમ એસએમએસની લિમીટ પૂરી થઈ જાય ત્યાં સુધી સાચી-ખોટી બાબતોને વહાવ્યા જ કરીએ છીએ. અને એમાંથી જે મુસીબતો સર્જાય છે એનો આપણને ક્યારેય અંદાજ નથી આવ્યો. હા, એસએમએસ બંધ થયા એ મુસીબત લાગે છે આપણને - એ સિવાય કંઈ નહીં.

૧૦૮ની બાબતમાં પણ આપણે આવા જ શૂરા છીએ. રસ્તે જતાં અકસ્માત જોયો નથી ને ૧૦૮ નંબર ડાયલ કર્યો નથી. જાણવાનો પ્રયાસ જ નહીં કરવાનો કે આપણા પહેલાં કોઈએ નંબર ડાયલ કર્યો છે કે નહીં. જાણે આપણા સિવાય તો નિરાધારોનો કોઈ આધાર જ નથી! એક અકસ્માતના પચીસેક કૉલ મેળવીને ૧૦૮વાળાઓની શું હાલત થાય છે એ તો એમને પૂછો ત્યારે જ ખબર પડે. ઘણીવાર તો માત્ર સાંભળેલી વાતથી ય ૧૦૮ને કૉલ કરી દેવાનો! એ જ કારણથી હવે ૧૦૮ને ખોટો કૉલ કરનારને દંડ કરવાની જોગવાઈ સરકારને કરવી પડી છે.

વિચારો, જવાબદાર કોણ? આપણે જ. અને આવા પ્રતિબંધો આપણે આપણા પર ન ઈચ્છતા હોઈએ તો આપણે આપણી રીત બદલવી જ પડશે. માની લો કે આપણને મળેલા આવા એસએમએસ સાચા છે, તોય એનો પ્રસાર કરવાની શું જરૂર છે? આવા મેસેજ આપણને મળ્યા ને આપણે એ બીજાને મોકલ્યા એમ કરીને આપણે આપણું શૂરાતન તો પોરસીએ છીએ પણ એ મૅસેજનો અતિ પ્રસાર થવાથી લોકોના મનમાં કેવી ભયની લાગણી પ્રવર્તશે એનો અંદાજ નથી હોતો આપણને!

શા માટે આવું કરીએ છીએ? ભણેલા-ગણેલા માણસ થઈને સ્હેજ વિચાર કરવામાં આપણું શું જાય છે? શૂરાતન દેખાડવું હોય તો ક્ષેત્રો ઘણાં છે. સંદેશા વ્યવહારને એમાંથી બાકાત રાખીએ તો સૌનું હિત થશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૭

સૂર્યાસ્ત : ૭.૧૨

## તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૨ ટકા ● સાંજે ૬૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્કીન-૧ :

એક થા ટાઈગર : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્કીન-૨ :

એક થા ટાઈગર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

: સ્કીન-૩ :

એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્કીન-૪ :

એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :

એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્કીન-૨ :

એક થા ટાઈગર : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૩૦, ૧૦.૧૫

ગેંગ ઓફ વાસેપુર -૨ : ૪.૩૦

: સ્કીન-૩ :

એક થા ટાઈગર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

: સ્કીન-૪ :

એક થા ટાઈગર : ૮.૦૦, ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

એક થા ટાઈગર

૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ચુંદડીને સથવારે

૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં ખસનો બંગલો અને શૃંગારમાં ચાંદીના પલના.
- શ્રી રામજી મંદિર વાવોલ દ્વારા અધિક પુરૂષોતમ માસ નિમિતે પ.પૂ. મહંત મધુસુદન બાપુના વ્યાસપીઠેથી અધિક પુરૂષોતમ માસની કથા તથા શ્રી કૃષ્ણ કથા બપોરે ૩.૩૦ કલાકે.
- શ્રી શિવશક્તિ મંદિરસેકટર-૨૩ ખાતે પ્રજ્ઞા પુત્રી પ્રફુલ્લાબેન ઠક્કર દ્વારા પ્રજ્ઞા પુરાણ કથા બપોરે ૨.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : અરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

**મીન** : મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. યમુના લક્ષ્મીનારાયણ પ્રસાદ (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૬૧૩/૧, ચંદ્રોદય સોસાયટી, સેકટર- ૩૦, ગાંધીનગર.
- સ્વ. મણીલાલ કાંતિલાલ પટણી (ઉ.વ. ૭૪) પ્લોટ નં.૧૩૮૮/૨, સેકટર -૨/ડી, ગાંધીનગર.
- સ્વ. હીરાનંદ વસંદરામ ચંચલાણી (ઉ.વ. ૮૩) પ્લોટ નં. ૪૩૩, શિવસદન, સેકટર -૨૩, ગાંધીનગર.
- બેસણું : સ્વ. જયંતિલાલ કેશવલાલ વાળંદનું બેસણું આજ રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી વલાદ મુકામે રાખવામાં આવેલ છે.